જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૩/૦૮/૨૦૨૧ મંગળવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-

સમાચાર યાદી નં.૧૪૦૬/૨૦૨૧

**Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૦૨/૦૮/૨૦૨૧ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.**

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

| અ.નં | ગુન્હાનો પ્રકાર | નોધાયેલ FIR ની સંખ્યા | | | અટક કરેલ આરોપીની સંખ્યા | | |
|---|---|---|---|---|---|---|---|
| | | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ |
| ૧ | કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951 | ૧૧૬૩૫ | ૦ | ૧૧૬૩૫ | ૧૭૭૪૬ | ૦ | ૧૭૭૪૬ |
| ૨ | કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005 | ૪૭૩૨ | ૦ | ૪૭૩૨ | ૬૨૬૭ | ૦ | ૬૨૬૭ |
| 3 | કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો) | ૧૦૪ | ૦ | ૧૦૪ | ૩૬૧ | ૦ | ૩૬૧ |
| ૪ | Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ | ૬૬૬૧૮ | ૧૪૭ | ૬૬૭૬૫ | ૬૭૩૭૦ | ૧૪૯ | ૬૭૫૧૯ |
| કુલ | | ૮૩૦૮૯ | ૧૪૭ | ૮૩૨૩૬ | ૯૧૭૪૪ | ૧૪૯ | ૯૧૮૯૩ |

| પત્રક-૨ | | | |
|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા | MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૧૨૧ | ૨,૯૭,૧૦૦/- |

| પત્રક-3 | | | |
|---|---|---|---|
| જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા | વસુલ કરવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૧૫૬૦ | ૧૫,૬૦,૦૦૦/- |

# ચોરીના ગુનાના આરોપીની અટકાયતની વિગત

## ચાંદખેડા પોલીસ સ્ટેશન

## ચાંદખેડા પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી ચોરી કરેલ મોબાઇલ ફોનો સાથે એક ઇસમને પકડી કાયદેસરની કાર્યવાહી કરતી ચાંદખેડા પોલીસ

મે,પોલીસ કમિશ્નર શ્રી, અમદાવાદ શહેર તથા સંયુક્ત પોલીસ કમિશ્નર શ્રી,સેક્ટર-01, અમદાવાદ શહેર તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-02,અમદાવાદ શહેર તથા મ.પો.કમિશ્નર શ્રી "એલ" ડીવીઝન અમદાવાદ શહેર નાઓના સીધા માર્ગદર્શન હેઠળ તેમજ પોલીસ ઈન્સ્પેક્ટર શ્રી કે.વી.પટેલ ચાંદખેડા પોલીસ સ્ટેશન નાઓની સુચના આધારે સર્વેલન્સ સ્કોડના પો.સ.ઈ. શ્રી જી.વી.ચૌધરી તથા સાથેના સ્ટાફના અ.હે.કો. આશિષકુમાર સુરેશભાઇ બ.નં.૮૭૭૪ તથા અ.પો.કો. ધીરૂભાઇ નાથુભાઇ બ.નં.૪૮૭૭ તથા અ.પો.કો. નરેન્દ્રસિંહ વિક્રમસિંહ બ.નં.૬૫૮૩ નાઓ સાથે પોલીસ સ્ટેશન વિસ્તારમા પેટ્રોલીંગ દરમ્યાન સાથેના અ.પો.કો. ધીરૂભાઇ નાથુભાઇ બ.નં.૪૮૭૭ તથા અ.પો.કો. નરેન્દ્રસિંહ વિક્રમસિંહ બ.નં.૬૫૮૩ નાઓની સંયુક્ત બાતમી હકિકત આધારે એક ઇસમ નામે મનોજ ઉર્ફે બોબડો સ/ઓ મોહનભાઇ સેંધાભાઇ પટણી(હગેનીવાળા) ઉ.વ.૧૮ રહે-નિગમના છાપરા નવા બનતા પોલીસ સ્ટેશનની બાજુમા ચાંદખેડા અમદાવાદ શહેર હાલ રહે-હિરાધન સીટી સોસાયટીની સામે આવેલ કાચા છાપરામાં, ચાંદખેડા અમદાવાદ શહેર મુળ રહે-ગામ,બધાર આંબલી, તા.ડીસા, જી-બનાસકાંઠા નાને અત્રેના ચાંદખેડા પોલીસ સ્ટેશન વિસ્તારમાથી ચોરી કરેલ અલગ અલગ કંપનીના મોબાઇલ ફોન નંગ-0૪ મળી કિં.રૂ.૧૭,000/- મુદ્દામાલ સાથે પકડી કાયદેસરની કાર્યવાહી કરવામા આવેલ છે.તા.0૨/0૮/૨૦૨૧

# <u>પાસા અટકાયતની વિગત</u>

## <u>નારોલ પોલીસ સ્ટેશન</u>


## <u>પ્રોહિબિશનની પ્રવૃત્તિ સાથે સંકળાયેલ ઇસમની પાસા અટકાયત કરી જુનાગઢ જેલ મોકલતી નારોલ પોલીસ</u>

મે.પોલીસ કમિશ્નરશ્રી સંજય શ્રીવાસ્તવ સાહેબ તેમજ સંયુકત પોલીસ કમિશ્નરશ્રી સેકટર-૦૨ સાહેબ તેમજ નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૦૬ સાહેબ તેમજ મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી “કે” ડીવીજન સાહેબ અમદાવાદ શહેર નાઓની સુચના અને માર્ગદર્શન હેઠળ અમદાવાદ શહેર નાઓની સુચના અને માર્ગદર્શન હેઠળ પ્રોહીબિશનની પ્રવુત્તિ સદંતર નેસ્ત નાબુદી કરવા સારૂ ચુસ્તપણે સુચન કરેલ હોય જે અનુસંધાને નારોલ પોલીસ સ્ટેશનમાં દાખલ થયેલ ગુનાઓની માહિતી એકત્ર કરી પ્રોહી. સબંધી અસામાજીક પ્રવુત્તિ આચરતા આરોપી વિશ્વરાજસિંહ દિલીપસિંહ જાતે ચૌહાણ ઉ.વ.૨૨ ધંધો.ખેતીકામ રહે.રાજપુત શેરી સાયલા ગામ તા.સાયલા તા.સાયલા જી.સુરેન્દ્રનગર  નાઓ વિરૂદ્ધ પાસા દરખાસ્ત તૈયાર કરી પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર નોઓને મોકલી આપતા પોલીસ કમિશ્નરશ્રીની કચેરીના ક્રમાંક : પીસીબી/ડીટીએન/પાસા/૪૫૯/૨૦૨૧ તા.૦૨/૦૮/૨૦૨૧ થી પાસા અટકાયતી નો હુકમ કરતા સદરી આરોપીની પાસા અટાકાયતીને બજવણી આજ રોજ યોગ્ય પોલીસ જાપ્તા સાથે જુનાગઢ જેલ ખાતે મોકલી આપવા તજવીજ કરેલ છે જે નારોલ પોલીસ સ્ટેશનની પોલીસ દ્વારા સરાહનીય કામગીરી કરેલ છે. તા. ૦૨/૦૮/૨૦૨૨૧

### <u>સારી કામગીરી કરનાર અધિકારી કર્મચારીનું નામ :-</u>

પો.ઇન્સ. એસ.એ.ગોહિલ  નારોલ પો.સ્ટે.

અ.હે.કો. દિપેનકુમાર મનુભાઇ બ.નં. ૬૦૮૦ તથા અ.પો.કો. રામનરેશ રામદાસ બ.નં. ૫૩૪૪ તથા સહદેવસિંહ નટવરસિંહ બ.નં.૬૨૮૪ તથા મુકેશભાઇ બાબુભાઇ બ.નં.૧૦૦૧૮



## મેઘાણીનગર પોલીસ સ્ટેશન (૧)

## શરીર સબંધી ગુનાના આરોપીને પાસા હેઠળ અટકાયત કરતી મેઘાણીનગર પોલીસ

મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નરશ્રી સેક્ટર-૨ તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૪ તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી "જી" ડિવીઝન નાઓના માર્ગદશન હેઠળ તેમજ સિનીયર પોલીસ ઇન્સપેક્ટર જે.એલ.ચૌહાણ નાઓની સુચના હેઠળ અમદાવાદ શહેરના મેઘાણીનગર તથા શાહીબાગ પો.સ્ટે વિસ્તારમાં મારામારી તથા રાયોટીંગના ગુનામાં પકડાયેલ આરોપી નામે મનિષ ઉર્ફે બાલી સ/ઓ પ્રકાશભાઈ જાતે પટણી(રોહલીવાળા) ઉ.વ.૧૯ રહે.બાઈ નર્મદાબેનની ચાલી, હિમગીરી સ્કુલની પાસે, ચમનપુરા, મેઘાણીનગર, અમદાવાદ શહેર નાની વિરુધ્ધમાં અત્રેના મેઘાણીનગર પોલીસ સ્ટેશન ખાતેના ઈ-ગુજકોપ સોફ્ટવેરમાં સર્ચ કરતા સદરી આરોપી વિરુધ્ધમાં નં.(૧) મેઘાણીનગર પો.સ્ટે. પાર્ટ-એ-ગુ.ર.નં. ૧૧૧૯૧૦૩૩૨૧૦૯૭૮/૨૧ ઈ.પી.કો. કલમ ૧૨૦(બી), ૧૪૩, ૧૪૪, ૧૪૭, ૧૪૮, ૧૪૯, ૪૨૭, ૧૮૮, તથા એપેડમીક ડિસીઝ એક્ટની કલમ ૩ તથા ડિઝાસ્ટર મેનેજમેન્ટ એકટ ૨૦૦૫ની કલમ ૫૧(બી) તથા જી.પી. એક્ટ કલમ ૧૩૫(૧) મુજબ તથા નં.(૨) શાહીબાગ પો.સ્ટે. પાર્ટ-એ-ગુ.ર.નં. ૧૧૧૯૧૦૩૧૨૧૧૨૩૮/૨૧ ઈ.પી.કો. કલમ ૧૪૩, ૧૪૭, ૧૪૮, ૧૪૯, ૧૨૦(બી), ૨૯૪(ખ), ૪૨૭, ૧૧૪ તથા જી.પી. એક્ટ કલમ ૧૩૫(૧) મુજબના ગુનાઓ નોંધાયેલ હોય સદરી ઈસમ વિરુધ્ધ મે. પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર સમક્ષ અત્રેના મેઘાણીનગર પો.સ્ટે. ખાતેથી પાસા દરખાસ્ત ભરી મોકલતા તેઓના પાસા હુકમ:-ક્રમાંક/પીસીબી/ડીટીએન/પાસા/૪૫૮/૨૦૨૧ તા.૦૨/૦૮/૨૦૨૧ થી પાસા અટકાયતી તરીકે "જીલ્લા જેલ-જુનાગઢ" ખાતે રાખવા હુકમ કરેલ હોય સદરી પાસા અટકાયતી ઈસમને આજરોજ તા.૦૨/૦૮/૨૦૨૧ ના કલાક ૨૧/૦૦ વાગે પાસા હુકમની બજવણી કરી જરૂરી જાપ્તા સાથે "જીલ્લા જેલ-જુનાગઢ" ખાતે મોકલી આપેલ છે.તા.૦૨/૦૮/૨૦૨૧

## કામગીરી કરનાર અધિકારી/કર્મચારી

(૧) પો.સ.ઈ આર.ડી.જાડેજા

(૨) લોકરક્ષક આકાશ મહેશભાઈ બ.નં.૧૨૨૭૦

(૩) લોકરક્ષક જીગર મહેન્દ્રકુમાર બ.નં.૧૧૩૧૫



# મેઘાણીનગર પોલીસ સ્ટેશન (૨)

## શરીર સબંધી ગુનાના આરોપીને પાસા હેઠળ અટકાયત કરતી મેઘાણીનગર પોલીસ

મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નરશ્રી સેક્ટર-૨ તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૪ તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી "જી" ડિવીઝન નાઓના માર્ગદશન હેઠળ તેમજ સિનીયર પોલીસ ઇન્સપેક્ટર જે.એલ.ચૌહાણ નાઓની સુચના હેઠળ અમદાવાદ શહેરના મેઘાણીનગર તથા શાહીબાગ પો.સ્ટે વિસ્તારમાં મારામારી તથા રાયોટીંગના ગુનામાં પકડાયેલ આરોપી નામે સચીન ઉર્ફે કાણીયો ઉર્ફે ટાંકી સ/ઓ ગોવિંદભાઈ જાતે પટણી(કંટારીયાવાળા) ઉ.વ.૨૦ રહે.બ્લોક નં.૨૨/૭૦૦ ઔડાના મકાનમાં, અશોક મીલની ચાલી, શહેરકોટડા અમદાવાદ શહેર નાની વિરુધ્ધમાં અત્રેના મેઘાણીનગર પોલીસ સ્ટેશન ખાતેના ઈ-ગુજકોપ સોફ્ટવેરમાં સર્ચ કરતા સદરી આરોપી વિરુધ્ધમાં નં.(૧) મેઘાણીનગર પો.સ્ટે. પાર્ટ-એ-ગુ.ર.નં. ૧૧૧૯૧૦૩૩૨૧૦૬૧૫/૨૧ ઈ.પી.કો. કલમ ૩૨૪, ૨૯૪(ખ), ૧૧૪ તથા જી.પી.એક્ટ ૧૩૫(૧) મુજબ તથા નં.(૨) મેઘાણીનગર પો.સ્ટે. પાર્ટ-એ-ગુ.ર.નં. ૧૧૧૯૧૦૩૩૨૧૦૯૭૮/૨૧ ઈ.પી.કો. કલમ ૧૨૦(બી), ૧૪૩, ૧૪૪, ૧૪૭, ૧૪૮, ૧૪૯, ૪૨૭, ૧૮૮, તથા એપેડમીક ડિસીઝ એક્ટની કલમ ૩ તથા ડિઝાસ્ટર મેનેજમેન્ટ એકટ ૨૦૦૫ની કલમ ૫૧(બી) તથા જી.પી. એક્ટ કલમ ૧૩૫(૧) મુજબ તથા નં.(૩) શાહીબાગ પો.સ્ટે. પાર્ટ-એ-ગુ.ર.નં. ૧૧૧૯૧૦૩૧૨૧૧૨૩૮/૨૧ ઈ.પી.કો. કલમ ૧૪૩, ૧૪૭, ૧૪૮, ૧૪૯, ૧૨૦(બી), ૨૯૪(ખ), ૪૨૭, ૧૧૪ તથા જી.પી. એક્ટ કલમ ૧૩૫(૧) મુજબના ગુનાઓ નોંધાયેલ હોય સદરી ઈસમ વિરુધ્ધ મે. પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર સમક્ષ અત્રેના મેઘાણીનગર પો.સ્ટે. ખાતેથી પાસા દરખાસ્ત ભરી મોકલતા તેઓના પાસા હુકમ:-ક્રમાંક/પીસીબી/ડીટીએન/પાસા/૪૫૭/૨૦૨૧ તા.૦૨/૦૮/૨૦૨૧ થી પાસા અટકાયતી તરીકે "જીલ્લા જેલ-જુનાગઢ" ખાતે રાખવા હુકમ કરેલ હોય સદરી પાસા અટકાયતી ઈસમને આજરોજ તા.૦૨/૦૮/૨૦૨૧ ના કલાક ૨૦/૩૦ વાગે પાસા હુકમની બજવણી કરી જરૂરી જાપ્તા સાથે "જીલ્લા જેલ-જુનાગઢ" ખાતે મોકલી આપેલ છે.તા.૦૨/૦૮/૨૦૨૧

## કામગીરી કરનાર અધિકારી/કર્મચારી

(૧) પો.સ.ઈ આર.ડી.જાડેજા

(૨) લોકરક્ષક આકાશ મહેશભાઈ બ.નં.૧૨૨૭૦

(૩) લોકરક્ષક જીગર મહેન્દ્રકુમાર બ.નં.૧૧૩૧૫



**<u>નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૧૪૦૭/૨૦૨૧</u>**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૫ કેસ કરી, ૨૩ વ્યક્તિઓને ઝડપી, ૬૩ લીટર દેશી દારૂ, ૭૯ બોટલ ઇંગ્લીશ દારૂ અને ૨૪૦ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ કબજે કર્યો હતો. તેમજ જુગારધારા હેઠળ ૨ કેસ કરી, ૧૧ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧૦,૮૦૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**<u>તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૧૪૦૮/૨૦૨૧</u>**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૭૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પાસા હેઠળ ૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**<u>છેરતપીંડીની ફરીયાદઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૧૪૦૯/૨૦૨૧</u>**

**ક્રાઈમ બ્રાન્ચઃ** દિપલ વા/ઓ કૃણાલભાઇ શાહ (ઉ.વ.૩૮) (રહે. જીલાઇન ચિત્રકુટ ધામ સોસાયટી કુમકુમ સ્કુલ પાસે ઉત્તમનગર મણીનગર) એ તા.૦૨/૦૮/૨૦૨૧ ના રોજ ક્રાઈમ બ્રાન્ચ ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૩૦/૦૭/૨૦૧૩ થી આજદિન સુધીના સમયગાળા દરમ્યાન વટવા વિંઝોલ ક્રોસીંગ, રોપડા રોડ પાસે વિંઝોલ ગામની સીમમાં “ઓમ ઓરબીટ” નામની ફ્લેટની સ્કિમ મુકી આરોપી (૧) જીગરભાઇ અરવિંદભાઇ પરીખ (રહે. વંદન એપાર્ટમેન્ટ, એકતા ટાવર પાસે વિસત એવન્યુ પાછળ બેરેજ રોડ વાસણા) (૨) પારીતોષભાઇ અંબાલાલભાઇ પટેલ (રહે. શાલીગ્રામ કોરલ, સહજાનંદ પેલેસ સામે સિંધુભવન રોડ થલતેજ) અને (૩) સુધિરભાઇ ગોવિંદભાઇ પટેલ (રહે. સરદાર હેલી, સાયન્સ સીટી રોડ સોલા) એ ભેગા મળી ફ્લેટ બુક કરાવવા દિપલ શાહ પાસેથી ફ્લેટ પેટે રૂપિયા ૧૦,૨૧,૦૦૦/- તથા સાહેદ નયનાબહેન પાસેથી ફ્લેટ પેટે રૂપિયા ૧૦,૨૧,૦૦૦/- મળી કુલ રૂપિયા ૨૦,૪૨,૦૦૦/- મેળવી લઇ ફ્લેટનું પઝેશન નહી આપી તેમજ દસ્તાવેઝ નહી કરી આપી તેમજ અન્ય સાહેદો પાસેથી પણ નોધાવેલ ફ્લેટ પેટે અલગ-અલગ રકમ મેળવી લઇ તેઓને પણ ફ્લેટોનું પઝેશન નહીં આપી કે દસ્તાવેઝ નહી કરી આપી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી એસ.એમ.પટેલ ચલાવે છે.

**કૃષ્ણનગરઃ** રણજીતકુમાર રામચન્દ્ર કુશવાહ (ઉ.વ.૪૧) (રહે. શાયોના રેસીડેન્સી હરીઓમ એસ્ટેટ જી.ડી.હાઇસ્કુલ રોડ સૈજપુર બોઘા) એ તા.૦૨/૦૮/૨૦૨૧ ના રોજ કૃષ્ણનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે રણજીતકુમાર કુશવાહ એ તા.૨૯/૦૫/૨૦૨૧ ના રોજ મેક માય ટ્રીપ નામની એપ્લીકેશન દ્વારા પટનાથી અમદાવાદ સ્પાઈસ જેટ એરલાઈન્સની ટીકીટ બુક કરાવી હતી. જે ફ્લાઈટ કેન્સલ થતા રણજીતકુમાર કુશવાહ એ ટીકીટના રીફંડ માટે ગુગલમાંથી મેક માય ટ્રીપ એપ્લીકેશન કસ્ટમર કેર નંબર મેળવી તા.૨૬/૦૬/૨૦૨૧ ના રોજ સંપર્ક કરી રિફંડ મેળવવાની વાત કરતા કરતા હતા ત્યારે મોબાઇલ નંબર ૯૮૩૨૭૫૯૬૨૨ ના ધારકે રિફંડ માટે ટેક્સ મેસેજ કરી લીંક મોકલી આપી જેમાં વિગત ભરાવડાવી યુ.પી.આઈ.નંબર મેળવી લઈ રણજીતકુમાર કુશવાહના ફોન-પે તથા બેંકના ખાતામાંથી કુલ રૂપિયા ૧,૯૫,૦૦૦/- ઓનલાઇન ટ્રાન્સફર કરી લઈ વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી.એ.જે.ચૌહાણ ચલાવે છે.

**<u>ચોથા માળથી પડી જતા મૃત્યુઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૧૪૧૦/૨૦૨૧</u>**

**કૃષ્ણનગરઃ રામોલ** રાજનગર ખાતે રહેતા અને મજુરી કામ કરતા અજીત રામસાગર પટેલ (ઉ.વ.૨૭) (મુળ વતન. ગામ-સંતોષપુર તાલુકો-મંડ્યાહુ, જીલ્લો-જોનપુર ઉત્તરપ્રદેશ) તા.૦૨/૦૮/૨૦૨૧ સાજના ૬/૪૫ વાગ્યાના સુમારે રોજવિલા કોમ્પલેક્ષ ખાતે કાચ ફીટીંગ કરતા હતા ત્યારે પાલક ઉપરથી પગ લપસી જતાં ચોથા માળથી નીચે પડી જતા ગંભીર ઈજાઓ થતા સારવાર માટે તેમને  સીવીલ હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ અંગે કૃષ્ણનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી વિજયકુમાર માને ચલાવે છે.

**<u>આત્મહત્યાઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૧૪૧૧/૨૦૨૧</u>**

**રિવરફ્રંટ વેસ્ટઃ** રાજેશભાઇ દાનાભાઇ ચાવડા (ઉ.વ.૩૮) (રહે.શંકરપુરાની ચાલી સિલ્વર મીલ સામે રાજપુર ગોમતીપુર) તા.૦૧/૦૮/૨૦૨૧ કલાક ૧૧/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરેથી નિકળી જઈ તા.૦૨/૦૮/૨૦૨૧ સાજના ૫/૧૫ વાગ્યા પહેલા એન.આઇ.ડી.પાછળ રિવરફ્રન્ટ વોક-વે રેમ્પ નંબર-૩ નજીક નદીમાં ડુબી જઈ આત્મહત્યા કરી હતી. આ અંગે રિવરફ્રંટ વેસ્ટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પ્રો.પો.સ.ઇ.શ્રી જે.બી.ભારદકા ચલાવે છે.

**અમરાઇવાડીઃ** આરતીબહેન વા/ઓ પ્રકાશભાઇ ઉર્ફે પલેક્શ વિજયભાઇ બાગડે (ઉ.વ.૨૧) (રહે.ભગવતીનગર, અશ્વમેધ સ્કુલ સામે અંબિકા રોડ હાટકેશ્વર અમરાઇવાડી) એ અગમ્ય કારણસર તા.૦૨/૦૮/૨૦૨૧ કલાક ૧૨/૦૦ થી સાજના ૭/૩૦ વાગ્યા દરમ્યાન પોતાના ઘરે સિમેન્ટના પતરાની છતમાં લગાવેલ લોખંડની પાઇપ સાથે સાડી બાંધી ગળેફાસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે અમરાઇવાડી પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મદદનીશ પોલીસ કમિશનરશ્રી “આઇ” ડિવીઝન ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.
પોલીસ કમિશનર વતી